જા.નં.મા-૨/૨૦૨૬/1814

તા. ૨૯/૦૧/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.સુરત

**વિષયઃ**- તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ન રોજ શહીદ દિન નિમિતે મૌન પાળવા બાબત.
**સંદર્ભઃ**- (૧) સામાન્ય વહીવટ વિભાગ ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : ટી.એમ.એસ– ૧૦૨૦૧૨-૧૧૨-ઘ, તા.૧૭/૦૧/૨૦૨૬
(૨) કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, અઠવાલાઇન્સ, સુરત નોપત્રાંક નં.એમ.એસ. એમ.એસ.સી./શહીદ દિન/વશી.૨૦૦/૨૦૨૬ તા.૨૯/૦૧/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અધિક સચિવશ્રી (પ્રોટોકોલ), સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર તા.૧૭/૦૧/૨૦૨૬ના સંદર્ભિત પરિપત્રથી ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬, શુક્રવારના રોજ શહીદ દિને સવારે ૧૧:૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતી આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવા તમામ શાળાઓને જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ: ઉક્ત પત્રની નકલ

# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

વહિવટ શાખા,બી-૪, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. ૦૨૬૧-૨૬૫૫૧૫૧, ૨૬૬૦૦૨૧, ફેક્સ નં. ૨૬૫૫૭૫૭
Email:- collector-sur@gujarat.gov.in
56.vahivatsurat@gmail.com


સત્યમેવ જયતે

નં.એમ.એસ.સી./શહીદ દિન/વશી.૨૦૦/૨૦૨૬ તા.૨૯/૦૧/૨૦૨૬

પ્રતિ,
સંકલન અધિકારીશ્રી તમામ, જિ.સુરત.

વિષય :- તા.૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ શહીદ દિન નિમિત્તે મૌન પાળવા બાબત.
સંદર્ભ :- અધિક સચિવશ્રી(પ્રોટોકોલ), સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરનો પરિપત્ર ક્માંક: ટીએમએસ-૧૦૨૦૧૨-૧૧૨-ધ, તા.૧૭/૦૧/૨૦૨૬.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અધિક સચિવશ્રી(પ્રોટોકોલ), સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર તા.૧૭/૦૧/૨૦૨૬ના સંદર્ભિત પરિપત્રથી ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬, શુક્રવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતી આપનાર શહીદ વીરો પ્રત્યેનુ ઋણ અદા કરવા તથા આખા દેશમાં શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહન વ્યવહારની ગતિ ને બે મિનિટ પૂરતી બંધ રાખવા સુચનાઓ પરિપત્ર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતે ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬, શુક્રવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા તથા અન્ય નીચે મુજબની સુચનાઓ થયેલ છે.

1. ૩૦મી જાન્યુઆરી શહીદ દિનના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સમગ્ર જિલ્લા/શહેરના તમામ વિસ્તારોમાં તથા તમામ સરકારી કચેરીઓમાં બે મિનિટ મૌન પાળવાનું રહેશે અને કામકાજની તથા વાહન વ્યવહારની ગતિ તેટલો સમય બંધ રાખવાની રહેશે.
2. જે સ્થળે સાયરનની વ્યવસ્થા કે સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ કલાકે એક મિનિટ માટે એટલે કે, ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી કે તોપ ફોડી બે મિનિટ માટે મૌન પાળી સુચના આપવાની રહેશે અને બે મિનિટ બાદ એટલે કે ૧૧.૦૨ કલાકથી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વગાડવાની રહેશે અને ત્યારબાદ રાબેતા મુજબનું કામકાજ શરૂ કરવાનું રહેશે.
3. જે સ્થળોએ સાયરન કે ઉપર મુજબના સંકેતની વ્યવસ્થા ઉપલબ્ધ હોય ત્યાં સાયરન સંભળાય એટલે સૌ પોત પોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શકય હોય તો ભેગા મળી મૌન પાળવાનું રહેશે.
4. જે સ્થળોએ સાયરન કે અન્ય કોઇ સંકેતની વ્યવસ્થા ન હોય ત્યાં ૧૧.૦૦ કલાકે બે મિનિટ માટે મૌન પાળવા સારૂ સંબંધિતોને જાણ કરતા આદેશો બહાર પાડવાના રહેશે.
5. શહીદ દિનનું મહત્વ સમજાય અને યોગ્ય રીતે શહીદ દિન મનાવાય તે માટે રાજયની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ/કોર્પોરેશન વિગેરેમાં દેશની સ્વતંત્રતા અંગેના વકતવ્ય, સંવાદ વિગેરેનું એવી રીતે આયોજન કરવામાં આવે કે જેથી દેશને અનેક સંઘર્ષ બાદ મળેલ સ્વતંત્રતાનું મહત્વ સમજાય તથા રાષ્ટ્રિય એકતાની ભાવના લોકોમાં ઉભી થાય.
6. પ્રસારણ ક્ષેત્રના યુનિટો દ્વારા ભારતીય સ્વતંત્ર્યતા સંગ્રામમાં શહીદ વીરોની ભૂમિકા અને રાષ્ટ્રિય એકતા જેવા વિષયો પર સાંસ્કૃતિક કાર્યક્રમ/ફિલ્મ કે વૃત્ત ચિત્રોનું આયોજન કરવું.
7. રાજયના વિવિધ વાણિજય અને ઉદ્યોગ સંઘો દ્વારા પણ શહીદ દિન યોગ્ય રીતે મનાવવા બાબતે જરૂરી સુચના આપવાની રહેશે.

નિવાસી અધિક કલેક્ટર
અને
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત

નકલ રવાના :-

(૧) નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારીશ્રી સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, સુરત તરફ.

(૨) નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારીશ્રી સીટી પ્રાંત (દક્ષિણ) મજુરા, સુરત તરફ.

(૩) અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તમામ, એ-બ્લોક તથા બી-બ્લોક, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત તરફ.

(૪) શાખા અધ્યક્ષશ્રી તમામ, કલેકટર કચેરી, સુરત તરફ.

૨/-ઉપરોક્ત સુચના મુજબ અત્રેની કચેરી ખાતે શહીદ દિન નિમિત્તે મૌન માટે સભાખંડ, બીજો માળ, કલેક્ટર કચેરી, સુરત તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શાખાના તમામ કર્મચારી સહિત હાજર રહેવા સારૂ.

તારીખઃ ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬, શુક્રવારના રોજ શહીદ દિન નિમિત્તે મૌન પાળવા તથા શહીદ વીરોના બલિદાનને ઉચિત ગૌરવપૂર્ણ કાર્યવાહી કરવા બાબત.

પરિપત્ર ક્રમાંકઃ ટીએમએસ-૧૦૨૦૧૨-૧૧૨-ધ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૭/૦૧/૨૦૨૬

## પરિપત્ર

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬, શુક્રવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ વાગે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવે છે અને આખા દેશમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહન વ્યવહારની ગતિ તે બે મિનિટ પૂરતી બંધ રાખવામાં આવે છે.

૨. આગામી ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬, શુક્રવારના રોજ શહીદ દિન નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા અંગે નીચે મુજબની સુચના આપવામાં આવે છે.

(૧) ૩૦મી જાન્યુઆરી શહીદ દિનના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સમગ્ર રાજ્યમાં બે મિનિટ મૌન પાળવાનું અને કામકાજની અને વાહન વ્યવહારની ગતિ તેટલો સમય બંધ રાખવાની રહેશે.

(૨) જે સ્થળે સાયરનની વ્યવસ્થા કે સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ કલાકે એક મિનિટ માટે એટલે કે, ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી કે તોપ ફોડી બે મિનિટ માટે મૌન પાળી સુચના આપવાની રહેશે અને બે મિનિટ બાદ એટલે કે ૧૧.૦૨ કલાકથી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વગાડવાની રહેશે અને ત્યારબાદ રાબેતા મુજબનું કામકાજ શરૂ કરવાનું રહેશે.

(૩) જે સ્થળોએ સાયરન કે ઉપર મુજબના સંકેતની વ્યવસ્થા ઉપલબ્ધ હોય ત્યાં સાયરન સંભળાય એટલે સૌ પોત પોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શક્ય હોય તો ભેગા મળી મૌન પાળવાનું રહેશે.

(૪) જે સ્થળોએ સાયરન કે અન્ય કોઇ સંકેતની વ્યવસ્થા ન હોય ત્યાં ૧૧.૦૦ કલાકે બે મિનિટ માટે મૌન પાળવા સારૂ સંબંધિતોને જાણ કરતા આદેશો બહાર પાડવાના રહેશે.

૩. શહીદો પ્રત્યેનું ઋણ અદા કરવાનો આ અવસર ગંભીરતાથી લેવાય અને શહીદો પ્રત્યે શ્રધ્ધા - સન્માનની ભાવના પણ જાગૃત થાય તેથી શહીદ દિને શહીદો પ્રત્યે દરેક વર્ગના લોકો સક્રિય સાથ સહકાર આપે તે માટે શહીદ દિને નીચે મુજબના પગલાં લેવા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયની સ્થાયી સુચના મુજબ નીચેની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૧) શહીદ દિનનું મહત્વ સમજાય અને યોગ્ય રીતે શહીદ દિન મનાવાય તે માટે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ / કોર્પોરેશન વિગેરેમાં દેશની સ્વતંત્રતા અંગેના વકતવ્ય, સંવાદ વિગેરેનું એવી રીતે આયોજન કરવામાં આવે કે જેથી દેશને અનેક સંઘર્ષ બાદ મળેલ સ્વતંત્રતાનું મહત્વ સમજાય તથા રાષ્ટ્રિય એકતાની ભાવના લોકોમાં ઉભી થાય.

(૨) પ્રસારણ ક્ષેત્રના યુનિટો દ્વારા ભારતીય સ્વતંત્ર્યતા સંગ્રામમાં શહીદ વીરોની ભૂમિકા અને રાષ્ટ્રિય એકતા જેવા વિષયો પર સાંસ્કૃતિક કાર્યક્રમ / ફિલ્મ કે વૃત્ત ચિત્રોનું આયોજન કરવું.

(૩) રાજયના વિવિધ વાણિજ્ય અને ઉદ્યોગ સંઘો દ્વારા પણ શહીદ દિન યોગ્ય રીતે મનાવવામાં આવે તે જોવા સંબંધિત વહીવટી વિભાગોને સુચના આપવામાં આવે છે.

૪. ઉપરોકત વિગતે તમામ વિભાગોએ તથા વિભાગ હેઠળના ખાતાના વડાઓ, બોર્ડ / કોર્પોરેશન, શૈક્ષણિક સંસ્થાઓ વિગેરેમાં શહીદ દિન યોગ્ય રીતે અને ભારત સરકારની ઉપરોકત સુચનાઓ મુજબ મનાવાય તે માટે જરૂરી સુચનાઓ પાઠવવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જવલંત ત્રિવેદી)
અધિક સચિવ (પ્રોટોકોલ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ
માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન. ઉપાધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રી / રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી. ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય દંડકશ્રી / નાયબ મુખ્ય દંડકશ્રી / મંડળ ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી,